| PUBLICATION NAME : | Sandesh |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/02/2025 |
| PAGE : | 01 |

સંદેશ City Life
Date : 27.02.2025 Page : 01

# 'ઉદ્યોગ સાહસિકતા' પર ૮ દેશોમાંથી આવેલા વિદ્વાનોએ ૧૪૮ સંશોધનપત્ર રજૂ કર્યાં

## EDII ખાતે 'ઉદ્યોગ સાહસિકતા' વિષય પર ત્રિદિવસીય સંમેલનનો પ્રારંભ થયો



**સિટી લાઈફ** । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) કેમ્પસ ખાતે 'ઉદ્યોગ સાહસિકતા' વિષય પર ત્રિદિવસીય સંમેલનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સંશોધકો, શિક્ષણવિદો અને અભ્યાસકર્તાઓ ઉદ્યોગ સાહસિકતા વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તેમના સંશોધન અભ્યાસો અને તારણો શેર કરશે. સંમેલન દરમિયાન ૯ થી વધુ દેશોના વિદ્વાનો દ્વારા ઉદ્યોગ સાહસિકતા સિદ્ધાંત અને વ્યવહાર, ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ, ઉદ્યોગ સાહસિકતા ઈકોસિસ્ટમ, મનોવિજ્ઞાન અને ઉદ્યોગ સાહસિકતા, એમએસએમઈ ઉદ્યોગ સાહસિકતા, ટેકનોલોજી અને ડિજિટલ ઉદ્યોગ સાહસિકતા, સ્ટાર્ટઅપ અને ઈનોવેશન, હરિત અને સતત ઉદ્યોગ સાહસિકતા, સામાજિક ઉદ્યોગ સાહસિકતા, સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્ય આધારિત ઉદ્યોગ સાહસિકતા, મહિલા ઉદ્યોગ સાહસિકતા, ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા અને નવજાત ઉદ્યોગ સાહસિકતા અને નવા સાહસ સર્જન અને કૌટુંબિક વ્યવસાય જેવા વિષયો પર ૧૪૮ સંશોધન પત્રો અને અભ્યાસો રજૂ કરવામાં આવ્યા હતાં.

સંમેલનનું ઉદ્‌ઘાટન મુખ્ય અતિથિ, પ્રોફેસર (ડૉ.) ટી.વી. રાવ, ફાઉન્ડર અને ચેરમેન, ટી. વી. રાવ લર્નિંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ અને ભારતીય પ્રબંધન સંસ્થાન, અમદાવાદના ભૂતપૂર્વ પ્રોફેસર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'આજના ગતિશીલ અર્થતંત્રમાં, આર્થિક વૃદ્ધિ અને વ્યાવસાયિક પ્રગતિને આગળ વધારવા માટે ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ નિર્ણાયક છે.'